SC/ST/OBC and Minority under UGC XII PLAN
**REMEDIAL COACHING CENTRE**
C/o, CCDC, 104, ACADEMIC CENTRE, B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

Re-Accredited Grade 'A' by NAAC

ज्ञान-विज्ञान विमुक्तये

તા. ૨૨/૧૨/૨૦૧૭

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
......................................ભવન.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**વિષય :– રેમેડિયલ કોચીંગ કલાસ UG/PG સ્કીમ...**

માનનીય,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની ૧૨મી પંચવર્ષીય યોજના અન્વયે રેમેડિયલ કોચીંગ કલાસ UG/PG સ્કીમ અમલમાં મૂકેલ છે. ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન **FOUNDATION PROGRAMME FOR BASIC SUBJECTS OF U.G./P.G. LEVEL** ના વિષયો માટે **જાન્યુઆરી–૨૦૧૮** થી રેમેડિયલ કોચીંગ કલાસનું આયોજન કરવામાં આવનાર છે. જે માટેના કોર્સના ઘડતર માટે તથા આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાય તે માટે ભવનના એક અધ્યાપકશ્રીને નિયુકત કરીને તેમના નામ, મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ અત્રેના સેન્ટરને **તા. ૨૭–૧૨–૨૦૧૭** સુધીમાં મોકલી આપવા વિનંતી છે. આ માટે આવા નિયુકત અધ્યાપકશ્રીઓની એક મીટીંગ આ કોર્ષના ઘડતર માટે આગામી **તા. ૨૮–૧૨–૨૦૧૭**ના રોજ **બપોરે ૪–૦૦ કલાકે** રૂમ નં. ૩, કોન્ફરન્સ રૂમ, ગ્રાઉન્ડ ફલોર, એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાખેલ છે. જો આપના ભવનમાંથી આ અંગે કોઈ અધ્યાપકની કોઈ નિયુકિત નહીં કરાય તો શૈક્ષણિક વર્ષ **૨૦૧૭–૧૮** માટે આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાશે નહીં.

**નોંધ :** આ સ્કીમ નાણાકીય વર્ષ માર્ચ–૨૦૧૮ માં પૂર્ણ થતી હોય તો તા. ૧૫ માર્ચ ૨૦૧૮ સુધીમાં બિલ સબમીટ કરવાના રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

SC/ST/OBC and Minority Under UGC XII PLAN

**REMEDIAL COACHING CENTRE**

C/o. CCDC, 104, ACADEMIC CENTRE, B/h. CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

Accredited Grade 'A' by NAAC

તા. ૨૩/૦૧/૨૦૧૭

# પ્રેસનોટ

**યુ.જી.સી. રેમેડિયલ કોચીંગ અંતર્ગત....**
**કોમ્પ્યુટર સાયન્સ ભવન ખાતે ૧૨૦ છાત્રોને નિઃશુલ્ક તાલીમ આપવા ૩૦ કલાકનાં રેમેડિયલ વર્ગોનું આયોજન....**
**છાત્રોનાં કૌશલ્ય નિર્માણમાં સીસીડીસી અને રેમેડિયલ કોચીંગ યુનિવર્સિટી કેમ્પસ પર ભવને–ભવને કાર્યરત....**
**કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ**
**યુનિવર્સિટીનાં ૨૯ અનુસ્નાતક ભવનોનાં ૭૪૬ છાત્રોને વિનામુલ્યે તાલીમ અપાઈ....**
**યુજીસી ૧૨ મી યોજના રેમેડિયલ અંતર્ગત વિવિધલક્ષી વિષયો ઉપર "એકસ્ટ્રા કલાકો" માં તાલીમ....**
**'નેક' ની ટીમ મારફત રેમેડિયલ કોચીંગ અને સી.સી.ડી.સી. ની સફળ કામગીરીનો ઉલ્લેખ....**
**નોનસ્ટોપ તાલીમવર્ગો ચાલે છે....**

---

યુજીસી ૧૨ મી યોજના અંતર્ગત એસ.સી., એસ.ટી., ઓબીસી, માઈનોરીટી, ગર્લ્સ છાત્રોને કૌશલ્યપૂર્ણ બનાવવા રેમેડિયલ કોચીંગનાં વર્ગો વધારાની કલાકોમાં ચલાવી વિનામુલ્યે તાલીમ આપવાની યોજનાં માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિલેકટ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતાં છાત્રોને અંગ્રેજી, કોમ્યુનીકેશન સ્કીલ, કોમ્પ્યુટર પ્રાથમિક જ્ઞાન અને તેમનાં અભ્યાસમાં કોમ્પ્યુટરની ઉપયોગીતા તથા છાત્રોનાં આનુસંગીક વિષયોમાં યુ.જી. અને પી.જી. માં વિષય અનુરૂપ જ્ઞાનની પૂર્તિ કરી તેમનો અભ્યાસીય રસ જળવાઈ રહે અને ભવિષ્યમાં સફળતાપૂર્વક પી.જી. ની કારર્કિદી પૂર્ણ કરી કૌશલ્યવર્ધક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે યુ.જી.સી. મારફત રેમેડિયલ કોચીંગ કલાસીસ ચલાવવા ભારતની વિશ્વ વિદ્યાલયોને ૧૨ મી યોજના અંતર્ગત માગદર્શીત કરાયેલ હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસનાં ૨૯ જેટલાં અનુસ્નાતક ભવનોમાં યુ.જી.સી. રેમેડિયલ કોચીંગ કો–ઓર્ડિનેટર પ્રો. નિકેશભાઈ શાહ અને ભવનનાં અધ્યક્ષો અને ભવન કો–ઓર્ડિનેટરર્સનાં સંયુકત પ્રયાસોથી જુદા–જુદા વિષયોમાં કુલ ૨૮ જેટલાં વર્ગો ૧૨ મી યોજના અંતર્ગત નિઃશુલ્ક ચલાવવામાં આવેલા હતાં. જેમાં યુનિવર્સિટી કેમ્પસનાં ૭૪૬ છાત્રોએ આજ સુધીમાં તાલીમ મેળવેલ છે.

યુનિવર્સિટી કેમ્પસનાં ઈકોનોમીકસ, સ્ટેટેસ્ટીક, ભૌતિકવિજ્ઞાન, ગુજરાતી, પત્રકારત્વ, હિન્દી, કોમર્સ, નેનો વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, કાયદાભવન વગેરેમાં 'બ્રિઝ કોર્ષ' મુજબનાં આનુસંગીક વિષયોનાં ૩૦ થી ૬૦ કલાકનાં દરરોજ બે કલાક વધારાની તાલીમનાં વર્ગોની સાથે છાત્રોનું અંગ્રેજી અને કોમ્યુનીકેશન સ્કીલ, લર્નીંગ સાયકોલોજી અને કોમ્પ્યુટર ઉપયોગીતા અંગે દરેક ભવનોમાં વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. નેક ની પીયર ટીમ મારફત રેમેડિયલ કોચીંગ અને સીસીડીસી ની કામગીરીની પ્રસંશા સાથે ઉપરોકત પ્રવૃતિઓને સતત ક્રિયાશીલ રાખવા અને છાત્રોને તેની સફળ કારર્કિદીનાં નિર્માણમાં ઉપયોગી થવા જણાવેલ હતું. તેના ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર કુલપતિ શ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ અને કુલસચિવ શ્રી ડો. ધીરેનભાઈ પંડયાનાં સફળ માર્ગદર્શન હેઠળ ૧૨ મી યોજના અંતર્ગત આજસુધીમાં ૭૪૬ છાત્રોને તાલીમ આપવામાં આવી છે અને તાજેતરમાં પણ જુદા–જુદા અનુસ્નાતક ભવનોમાં રેમેડિયલ કોચીંગ વર્ગો નોન–સ્ટોપ વિનામુલ્યે ચાલી રહ્યા છે.

કોમ્પ્યુટર સાયન્સ ભવનનાં છાત્રોને પ્રોફેશનલ કારર્કિદીમાં ઉપયોગી **'Communication Skill Development'** વિષયક ૩૦ કલાકનાં વર્ગોનો પ્રારંભ કરવામાં આવેલ છે જેમાં ૬૦–૬૦ છાત્રોની બે બેંચો ને દરરોજ બે કલાક વિષય તજજ્ઞ શ્રી અનીતાબેન ગૌસાઈ મારફત તાલીમ આપવામાં આવનાર છે. આ વર્ગનાં ઉદ્‌ઘાટન સત્રમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, MCA ભવન અધ્યક્ષ પ્રો. સી.કે. કુંભારાણા, સીસીડીસી કો–ઓર્ડિનેટર પ્રો. નિકેશ શાહ, પ્રો. અતુલભાઈ ગોસાઈ વગેરે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. રેમેડિયલ કોચીંગ સ્કીમને સતત કાર્યશીલ રાખવા શ્રી સુમિતભાઈ મહેતા અને શ્રી આશિષભાઈ કીડીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

for, [signature]
Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૨૦ છાત્રોને નિઃશુલ્ક ૩૦ કલાક રેમેડીયલ વર્ગો

રાજકોટ, તા., ૨૪: યુજીસી ૧૨ મી યોજના અંતર્ગત એસસી, એસટી, ઓબીસી, માઈનોરીટી, ગર્લ્સ છાત્રોને કૌશલ્યપુર્ણ બનાવવા રેમેડીયલ કોચીંગનાં વર્ગો વધારાની કલાકોમાં ચલાવી વિનામુલ્યે તાલીમ આપવાની યોજના માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીલેકટ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા છાત્રોને અંગ્રેજી, કોમ્યુનીકેશન સ્કીલ, કોમ્પ્યુટર પ્રાથમીક જ્ઞાન અને તેમનાં અભ્યાસમાં કોમ્પ્યુટરની ઉપયોગીતા તથા છાત્રોના આનુસંગીક વિષયોમાં યુ.જી. અને પી.જી.માં વિષય અનુરૂપ જ્ઞાનની પુર્તિ કરી તેમનો અભ્યાસીય રસ જળવાઈ રહે અને ભવિષ્યમાં સફળતાપુર્વક પી.જી.ની કારકીર્દી પુર્ણ કરી કૌશલ્યવર્ધક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે યુજીસી મારફત રેમેડીયલ કોચીંગ કલાસીસ ચલાવવા ભારતની વિશ્વ વિદ્યાલયોને ૧૨ મી યોજના અંતર્ગત માગદર્શીત કરાયેલ હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસનાં ૨૯ જેટલા અનુસ્નાતક ભવનોમાં યુજીસી રેમેડીયલ કોચીંગ કો-ઓર્ડીનેટર પ્રો. નિકેશભાઈ શાહ અને ભવનનાં અધ્યક્ષો અને ભવન કો.ઓર્ડીનેટરર્સનાં સંયુકત પ્રયાસોથી જુદા-જુદા વિષયોમાં કુલ ૨૮ જેટલા વર્ગો ૧૨ મી યોજના અંતર્ગત નિઃશુલ્ક ચલાવવામાં આવેલા હતા. જેમાં યુનિવર્સિટી કેમ્પસનાં ૭૪૬ છાત્રોએ આજ સુધીમાં તાલીમ મેળવેલ છે.

કોમ્પ્યુટર સાયન્સ ભવનના છાત્રોને પ્રોફેશનલ કારકીર્દીમાં ઉપયોગી વિષયક ૩૦ કલાકના વર્ગોના પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં ૬૦-૬૦ છાત્રોની બે બેંચોને દરરોજ બે કલાક વિષય તજજ્ઞ અનીતાબેન ગોસાઈ મારફત તાલીમ આપવામાં આવનાર છે. આ વર્ગના ઉદઘાટન સત્રમાં એમસીએ ભવન અધ્યક્ષ પ્રો.સી.કે.કુંભારાણા, સીસીડીસી કો. ઓર્ડીનેટર પ્રો. નિકેશ શાહ, પ્રો. અતુલભાઈ ગોસાઈ વગેરે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. રેમેડીયલ કોચીંગ સ્કીમને સતત કાર્યશીલ રાખવા સુમીતભાઈ મહેતા અને આશીષભાઈ કીડીયા જહેમત ઉઠાવી રહયા છે. (૪.૧૭)

# યુનિ.ના ૨૯ ભવનોના ૭૪૬ છાત્રોને C.C.D.C.માં તાલિમ

તા. ૨૫-૦૨-૨૦૧૭ સંદેશ

**■ કોમ્પ્યુટર સાયન્સભવનમાં છાત્રોને ખાસ કોચિંગ**

રાજકોટ, તા.૨૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સીસીડીસી સેન્ટર ખાતે ચાલી રહેલા નોનસ્ટોપ તાલિમવર્ગીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તાલિમ ઉપરાંત કૌશલ્ય નિર્માણના પણ ખાસ વર્ગો ચલાવીને છાત્રોને તૈયાર કરવામાં આવી રહ્યા છે.

યુનિવર્સિટીના ૨૯ ભવનોના ૭૪૬ છાત્રોને સીસીડીસી સેન્ટરમાં રેમેડિયલ તાલિમ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોમ્પ્યુટર સાયન્સ ભવનમાં પણ ૧૨૦ છાત્રોને નિશુલ્ક તાલિમ આપવામાં આવી હતી. કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણે દરરોજ વધારાની તાલિમ આપવા માટે ચાલી રહેલા વર્ગોને આવકારીને છાત્રોને તેનો મહતમ લાભ લેવા માટે અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, છાત્રોએ કૌશલ્ય નિર્માણ માટે મળતી વધારાની તાલિમમાં જોડાવુંજોઈએ. કેમ્પસ ઉપર યુ.જી.સી.ની ૧૨મી યોજનામાં વિનામૂલ્યે તાલિમ આપવામાં આવી રહી છે તેનો મહતમ લાભ લેવાવો જોઈએ. વિવિધ ભવનોમાં ભણાવાતા વિષયોમાં પણ વધારાનું કોચીંગ આપવામાં આવી રહ્યું છે. રેમેડિયલ સ્કીમને કાર્યરત રાખવા માટે સુમિત મહેતા અને આશીષ કીડીયા જહેમત ઉઠાવી રહ્યાછે.

તા.૨૫-૨-૨૦૧૭ સંદેશ ન્યૂઝ

Re-Accredited Grade 'A' by NAAC

**SC/ST/OBC and Minority under UGC XII PLAN**

# REMEDIAL COACHING CENTRE

C/o, CCDC, 104, ACADEMIC CENTRE, B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

ज्ञान-विज्ञान विमुक्तये

---

તા. ૨૭/૦૬/૨૦૧૭

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
....[illegible]..........ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**વિષય :– રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ...**

માનનીય,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની ૧૨મી પંચવર્ષીય યોજના અન્વયે રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ અમલમાં મૂકેલ છે. ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન FOUNDATION PROGRAMME FOR BASIC SUBJECTS OF U.G./P.G. LEVEL ના વિષયો માટે જુલાઈ–૨૦૧૭થી રેમેડિયલ કોચીંગ ક્લાસનું આયોજન કરવામાં આવનાર છે. જે માટેના કોર્સના ઘડતર માટે તથા આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાય તે માટે ભવનના એક અધ્યાપકશ્રીને નિયુકત કરીને તેમના નામ, મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ અત્રેના સેન્ટરને તા. ૦૩–૦૭–૨૦૧૭ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. આ માટે આવા નિયુકત અધ્યાપકશ્રીઓની એક મીટીંગ આ કોર્ષના ઘડતર માટે આગામી તા. ૦૫–૦૭–૨૦૧૭ના રોજ બપોરે ૩–૩૦ કલાકે રૂમ નં. ૩, કોન્ફરન્સ રૂમ, એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાખેલ છે. જો આપના ભવનમાંથી આ અંગે કોઈ અધ્યાપકની કોઈ નિયુકિત નહી કરાય તો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકશે નહી.

<u>NOTE</u> : યુ.જી.સી. નાં પ્રવર્તમાન પરિપત્ર મુજબ સપ્ટેમ્બર–૨૦૧૭ સુધી જ ઉપરોકત સ્કીમ ચાલુ હોય, ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં વર્ગોનુ આયોજન શકય બને, જેની ખાસ નોંધ લેવા વિનંતી.

Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

આભાર સહ,



# ગુજરાતી ભવન

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

### રેમેડિયલ કોચિંગનું સમય પત્રક, બીજું સત્ર ૨૦૧૭-૧૮

| ક્રમ | તારીખ | અધ્યાપકશ્રીનું નામ | સમય | વિષય |
|---|---|---|---|---|
| ૧. | ૦૩-૦૧-૨૦૧૮ | ડૉ. બિપિન આશર | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર |
| ૨. | ૦૪-૦૧-૨૦૧૮ | ડૉ. અંબાદાન રોહડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ચારણી ભાષા |
| ૩. | ૦૫-૦૧-૨૦૧૮ | ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | અસ્તિત્વવાદ અને ગુજરાતી નવલકથા |
| ૪. | ૦૮-૦૧-૨૦૧૮ | ડૉ. પ્રભુ ચૌધરી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રઘુવીર ચૌધરીનું નવલકથાવિશ્વ |
| ૫. | ૦૯-૦૧-૨૦૧૮ | જિજ્ઞેશ રાદડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ત્રણ મીમાંસક:પ્લેટો-એરિસ્ટોટલ-લોન્જાઇનસ |
| ૬. | ૧૦-૦૧-૨૦૧૮ | ડૉ. બિપિન આશર | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ગુજરાતી ભાષાનું રૂપતંત્ર |
| ૭. | ૧૧-૦૧-૨૦૧૮ | ડૉ. દીપક પટેલ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | સામાજિકઅભિગમઅને ગુજરાતી કથાસાહિત્ય |
| ૮. | ૧૨-૦૧-૨૦૧૮ | ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | અસંગતિવાદ અને ગુજરાતી નાટકો |
| ૯. | ૧૩-૦૧-૨૦૧૮ | ડૉ. પ્રભુ ચૌધરી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રઘુવીર ચૌધરીનું વાર્તાવિશ્વ |
| ૧૦. | ૧૫-૦૧-૨૦૧૮ | જિજ્ઞેશ રાદડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ત્રણ મીમાંસક : ક્રોચે-મેથ્યુઆર્નોલ્ડ-એલિયટ |
| ૧૧. | ૧૬-૦૧-૨૦૧૮ | ડૉ. અંબાદાન રોહડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | હસ્તપ્રતવિદ્યા |
| ૧૨. | ૧૭-૦૧-૨૦૧૮ | ડૉ. દીપક પટેલ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ઐતિહાસિકઅભિગમ અને ગુજરાતીનવલકથા |
| ૧૩. | ૧૮-૦૧-૨૦૧૮ | ડૉ. બિપિન આશર | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ગુજરાતી ભાષામાં વાક્યવિચાર |
| ૧૪. | ૧૯-૦૧-૨૦૧૮ | ડૉ. અંબાદાન રોહડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ચારણીસાહિત્યના સર્જકો |
| ૧૫. | ૨૨-૦૧-૨૦૧૮ | ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | પ્રતીકવાદ અને ગુજરાતી સાહિત્ય |
| ૧૬. | ૨૩-૦૧-૨૦૧૮ | ડૉ. પ્રભુ ચૌધરી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રઘુવીર ચૌધરીનું કાવ્યવિશ્વ |
| ૧૭. | ૨૪-૦૧-૨૦૧૮ | વસંત ગાબુ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | 'જીવ' અને 'ઘરવખરી' કૃતિસમીક્ષા |
| ૧૮. | ૨૫-૦૧-૨૦૧૮ | ડૉ. પ્રભુ ચૌધરી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રઘુવીર ચૌધરીનું નાટ્યવિશ્વ |
| ૧૯. | ૨૭-૦૧-૨૦૧૮ | ડૉ. અંબાદાન રોહડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ચારણીસાહિત્યના સંપાદકો |
| ૨૦. | ૨૯-૦૧-૨૦૧૮ | ડૉ. દીપક પટેલ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | મનોવૈજ્ઞાનિક અભિગમ અને ગુજરાતીવાર્તા |
| ૨૧. | ૩૦-૦૧-૨૦૧૮ | ડૉ. પ્રભુ ચૌધરી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રઘુવીર ચૌધરીનું પ્રવાસ સાહિત્ય |
| ૨૨. | ૩૧-૦૧-૨૦૧૮ | ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | કલ્પનવાદ અને ગુજરાતી કવિતા |
| ૨૩. | ૦૧-૦૨-૨૦૧૮ | ડૉ. દીપક પટેલ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | આધ્યાત્મિક અભિગમ અને ગુજરાતી કાવ્ય |
| ૨૪. | ૦૨-૦૨-૨૦૧૮ | ડૉ. અંબાદાન રોહડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ચારણીસાહિત્યના સ્વરૂપો |
| ૨૫. | ૦૫-૦૨-૨૦૧૮ | જિજ્ઞેશ રાદડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રસસિદ્ધાંત-ધ્વનિસિદ્ધાંત-વક્રોક્તિ |
| ૨૬. | ૦૬-૦૨-૨૦૧૮ | ડૉ. બિપિન આશર | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ગુજરાતી ભાષાવિષયક થયેલાં સંશોધનો |
| ૨૭. | ૦૭-૦૨-૨૦૧૮ | પાયલ ભીમાણી | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | 'બદલાતી ક્ષિતિજ' કૃતિસમીક્ષા |
| ૨૮. | ૦૮-૦૨-૨૦૧૮ | ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | પરાવાસ્તવવાદ અને ગુજરાતી સાહિત્ય |
| ૨૯. | ૦૯-૦૨-૨૦૧૮ | ડૉ. દીપક પટેલ | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | રૂપરચનાવાદ અને ગુજરાતી કથાસાહિત્ય |
| ૩૦. | ૧૦-૦૨-૨૦૧૮ | ડૉ. બિપિન આશર | ૦૯:૩૦ થી ૧૧:૩૦ | ભાષા વિષયક થયેલા સંશોધનો + ટેસ્ટ |

Scanned by CamScanner

Gram : UNIVERSITY

# ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન
# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

University campus, Rajkot- 360 005
Ph. 0281-2578501-12 Ext. 439/440

Re – Accrediited by N A A C
(CGPA 3.05) A Grade

ગુ.ભા. સા./ભવન/૨૩૦/૨૦૧૭-૧૮ તા. ૩૦.૧૨.૨૦૧૭

પ્રતિ,
ડૉ. નિકેશ શાહ
કોર્ડીનેટરશ્રી,
રેમેડિયલ કોચિંગ
સી.સી.ડી.સી. સેન્ટર,
આઈ. ક્યુ. એ. સી.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ.

વિષય. - રેમેડિયલ કોચિંગ ક્લાસ શરૂ કરવા બાબત

માનનીય સાહેબશ્રી,

ઉપર્યુક્ત વિષયનાં સંદર્ભમાં જણાવવાનું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ (બીજું સત્ર) દરમ્યાન રેમેડિયલ કોચિંગ ક્લાસ તા. ૦૩.૦૧.૨૦૧૮ થી શરૂ કરીએ છીએ, જે અંગેનું સમય-પત્રક અને વિષય આ સાથે સામેલ છે, જે વિદિત થાય.

આભાર સહ,

(ડૉ. બિપિન આશર)
કો-ઓર્ડિનેટર,
ગુજરાતી ભાષા -સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

બિડાણ : સમય-પત્રક

Rel... 30/12/17

O/C

Scanned by CamScanner